## પ્રકરણ-૬

# નગરપાલિકાઓનાં કાર્યો

**☐ ક. ૮૭. નગરપાલિકાઓની ફરજો :**

નગરની હદની અંદર નીચેની બાબતો માટે વાજબી અને પૂરતો પ્રબંધ કરવાની દરેક નગરપાલિકાની ફરજ રહેશે, એટલે કે :

**A-(ક) જાહેર બાંધકામના ક્ષેત્રે–**

A-(ક) રસ્તાઓનાં નામ પાડવા તથા જગાઓને ક્રમાંક આપવા બાબત;

**B-(ખ) નગરની હદમાં પૂર, આગ અથવા ધરતીકંપ જેવી કુદરતી આફતથી નિરાધાર થયેલા લોકોને તાત્કાલિક રાહત આપવા બાબત.**

B-(ખ) શિક્ષણના ક્ષેત્રે-

પ્રાથમિક શાળાઓ સ્થાપવા તથા નિભાવવા બાબત

**C-(ગ) જાહેર આરોગ્ય અને આરોગ્ય રક્ષણના ક્ષેત્રે–**

A-(ક) અહિતકારક અથવા જોખમકારક ધંધાઓ અથવા કામોનું નિયમન કરવાં બાબત અથવા તે ઓછી કરવા બાબત;

B-(ખ) જોખમકારક ઇમારતો અથવા જગાઓ સુરક્ષિત કરવા અથવા કાઢી નાખવા બાબત, અને આરોગ્યને હાનિ કરે એવા લત્તાઓ સુધારવા બાબત;

C-(ગ) વર્તમાન પાણીનો પુરવઠો અપૂરતો અથવા રોગકારક હોવાને લીધે રહેવાસીઓનાં આરોગ્યને થતું જોખમ અટકાવવા માટે યોગ્ય અને પૂરતો પાણીનો પુરવઠો અથવા વધારાનો પુરવઠો જ્યારે વાજબી ખર્ચે મળી શકે એમ હોય ત્યારે તે મેળવવા બાબત.

D-(ઘ) લોકોને શીતળા ટાંકવા બાબત;

E-(ચ) સાર્વજનિક રસ્તાઓ અને જગાઓ પર પાણી છાંટવા બાબત;

F-(છ) સાર્વજનિક રસ્તાઓ, જગાઓ અને ગટરો તથા ખાનગી મિલકત ન હોય પણ લોકોના ઉપયોગ માટે ખુલ્લી હોય એવી તમામ જગાઓ પછી આવી જગાઓ નગરપાલિકાને પ્રાપ્ત થઈ હોય અથવા ન થઈ હોય તો પણ તે સાફ કરવા બાબત અને તમામ લોકોપકારક કૃત્યો ઓછાં કરવા બાબત;

G-(જ) મળમૂત્રના ડબા, ગાડી અથવા બીજાં સાધનથી મળમૂત્ર લઈ જવાનું ટાળી શકાય તેવી રીતે વોટર ક્લોઝેટની યોજના દાખલ કરવા અને નિભાવવા બાબત;

H-(ઝ) મળમૂત્ર અને કચરાપુંજાનો નિકાલ કરવા બાબત અને, જો રાજ્ય સરકાર ફરમાવે તો તેવા મળમૂત્ર અને કચરાપુંજામાંથી મિશ્ર ખાતર બનાવવા બાબત;

I-(ટ) ભયંકર રોગ વખતે માંદા માણસોને ખાસ તબીબી મદદ અને રહેવાની સગવડ પુરી પાડવા બાબત અને આવો રોગ ફાટી નીકળતો અટકાવવા માટે અથવા તે રોગને દાબી દેવા માટે જરૂરનાં હોય તેવાં પગલાં લેવા બાબત;

J-(ઠ) સાર્વજનિક ચિકિત્સાલયો, દવાખાનાં અને કુટુંબનિયોજન કેન્દ્રો સ્થાપવા તથા નિભાવવા બાબત અને સાર્વજનિક તબીબી રાહત પૂરી પાડવા બાબત;

K-(ડ) મુડદાંનો નિકાલ કરવા માટેની જગાઓ સંપાદન કરવા તથા નિભાવવા, બદલવા અને તેમનું



Scanned with CamScanner

નિયમન કરવા બાબત અને નધણિયાતાં મુડદાં અને મૃત્યુ પહેલાં પશુઓનાં શબોની વ્યવસ્થા કરવા બાબત;

L-(ઢ) સાર્વજનિક જાજરૂઓ અને મુતરડીઓ બાંધવા, તેમાં ફેરફાર કરવા અને તે નિભાવવા બાબત.

**(D-ઘ) વિકાસના ક્ષેત્રે –**

A-(ક) સાર્વજનિક રસ્તાઓ, ગરનાળાં, નગરપાલિકાનાં હદ નિશાનો, **બજારો, કતલખાનાં**, પાયખાનાં, નીકો, ગટરો, પાણીનાં નિકાલ માટેનાં કામો, સ્નાનગૃહો, **ધોવાની જગાઓ**, પાણી પીવાના ફુવારા, તળાવો, કૂવાઓ, બંધો અને તેવાં બીજાં **કામો** બાંધવા, તેમાં ફેરફાર કરવા અને તે નિભાવવા બાબત.

B-(ખ) પશુની રસીના પુરવઠા માટે નગરની અંદર જોઈતાં વાછરડાં, ગાયો અથવા ભેંસોની યોગ્ય જગાનો પ્રબંધ કરવા બાબત;

C-(ગ) રાજ્ય સરકારના સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા જરૂરી હોય તેવા નગરપાલિકાના વહીવટ વિષેના વાર્ષિક રિપોર્ટો છપાવવા બાબત;

D-(ઘ) આ અધિનિયમના હેતુઓ માટે અથવા નગરપાલિકાની કોઈ મિલકતના રક્ષણ માટે નગરપાલિકાને જોઈતા હોય તેવા પોલીસ અથવા રક્ષકો બદલ વેતન તથા નૈમિત્તિય ખર્ચ આપવા બાબત;

(E-ચ) પાકનું રક્ષણ અને પાકના અખતરા સહિત યોગ્ય પગલાંથી ખેતી વાડીની સુધારણા બાબત.

**E-(ચ) નગર આયોજનના ક્ષેત્રે –**

તે સમયે અમલમાં હોય તેવાં નગર આયોજન સંબંધી કાયદા અનુસાર નગરની હદની અંદર, નગર આયોજન કરવા બાબત,

**F-(છ) વહીવટના ક્ષેત્રે –**

A-(ક) સાર્વજનિક રસ્તાઓ, જગાઓ અને ઇમારતો પર દીવાબત્તી કરવા બાબત;

B-(ખ) આગ ઠારવા બાબત અને જ્યારે આગ લાગે ત્યારે જિંદગી તથા મિલકતનું રક્ષણ કરવા બાબત;

C-(ગ) સાર્વજનિક રસ્તાઓ અથવા જગાઓમાંની તથા ખાનગી મિલકત ન હોય, પણ લોકોના ઉપયોગ માટે ખુલ્લી હોય એવી જે જગાઓ નગરપાલિકા અથવા સરકારને પ્રાપ્ત થઈ હોય તેમાંની હરકતો અને બહાર નીકળેલા ભાગો કઢાવી નાખવા બાબત.

D-(ઘ) કલેક્ટર મંજૂર કરે એવા વર્ણનનાં અગર નગરની હદ અથવા તેમાંનો કોઈપણ ફેરફાર જણાવતાં મજબૂત હદ નિશાનો તે મંજૂર કરે તેવી જગાએ ઊભાં કરવા બાબત.

E-(ચ) જન્મો, લગ્નો અને મૃત્યુઓ નોંધવા બાબત.

## વિવરણ

(૧) પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઇટી એક્ટ અન્વયે મ્યુ.ના દરેક ખાતાઓ કે જેમાં 'કમર્શિયલ'-વાણિજ્ય વહીવટ ચાલે છે તેણે પોતાના નોકરોને તે આપવાની છે. *(પોરબંદર નગરપાલિકા વિ. રિ. જી. પટેલ, ૧૯૭૫ ગુ.લૉ.રી. ૯૯૩)*

(૨) કલમ ૬૮(૧) મ્યુ. બ. એક્ટ–

આ કલમ, મ્યુ. ઉપર જાહેર જાજરૂઓ ઊભા કરવા માટે ફરજ પાડે છે. તેથી ઊભા નુકસાનકારક પ્રવાહો અટકાવવામાં મ્યુ. તરફથી જ્યારે કસૂર કે બેદરકારી રાખવામાં આવે છે ત્યારે જ તે એક 'ન્યુસન્સ' થાય છે તે સિવાય નહિ. આથી મ્યુ. પોતાની જમીન ઉપર જાજરૂઓ બાંધવા માગે છે ત્યારે તેને તે ન બાંધવા મનાઈહુકમ આપી શકાય નહિ એવો દાવો ટકે નહિ. *(સ્પેસીફીક રીલીફ એક્ટ કલમ ૫૪, કલમ ૧૮, ૮ ગુ.લૉ.રી. ૪૮૭)*

(૩) મ્યુનિ.ને પ્રાપ્ત થતી મિલકત કલમ લાગુ પડે નહિ કલમ ૮૭ ઉપરથી સમાન રીતે જણાઈ આવે છે કે કલમ મ્યુનિ. ફરજો ઠરાવે છે અને ક્લોઝ (કે)માં મુડદાનો નિકાલ કરવા માટેની જગાઓ સમાવી લેવા તથા નિભાવવા, બદલવા અને તેમનું નિયમન કરવા બાબત અને નધણિયાતા મુડદાં અને મૃત્યુ પામેલા પશુઓનાં શબોની વ્યવસ્થા કરવા માટેની ફરજો ઠરાવે છે. કલમમાં મ્યુનિ.માં જમીન નિહિત જવાનું જણાવ્યું નથી *(૨૬ (૧) ૧૯૮૫ ગુ. લૉ. રી. ૪૩૭)*

Scanned with CamScanner